




# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા








માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અષાઢ વદ બીજ શુક્રવાર ૩૧ જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૩૮

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦


# રાજ્યમાં 3 દિવસ ભારે વરસાદની વકી



### નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી

**નવી દિલ્હી, તા. 30 (PTI).** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે અહીં રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી. રાષ્ટ્રપતિ કાર્યાલયે એક્સ પર એક પોસ્ટ દ્વારા આ મુલાકાતની તસવીરો શેર કરી હતી. પોસ્ટમાં જણાવાયું હતું કે, "વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી." આ મુલાકાત રાષ્ટ્રપતિ મુર્મુ મોલ્ડોવા, ઉત્તર મેસેડોનિયા અને રોમાનિયાના એક અઠવાડિયાના સફળ પ્રવાસ બાદ રવિવારે પરત ફર્યાના દિવસો પછી થઈ છે.

**છત્તીસગઢ** અને વિદર્ભને અડીને ઉભા થયેલા ડીપ ડિપ્રેશનની અસરથી ગુજરાતમાં વરસાદનો વધુ એક રાઉન્ડ આવશે

**31મીથી** 6 ઓગષ્ટ સુધી વરસાદનો રાઉન્ડ ચાલશે, ખાસ કરીને 1લી અને 2જી ઓગષ્ટે દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં અનેક જિલ્લામાં અતિભારે વરસાદની ચેતવણી

**ગાંધીનગર :** છત્તીસગઢ અને વિદર્ભને અડીને સક્રિય રહેલા ડીપ ડિપ્રેશનની અસરને પગલે ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદનો વધુ એક જોરદાર રાઉન્ડ શરૂ થવાની સંભાવના છે. હવામાન વિભાગે 31 જુલાઈથી 6 ઓગસ્ટ દરમિયાન રાજ્યના વિવિધ જિલ્લાઓ માટે રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યા છે. ખાસ કરીને 1 અને 2 ઓગસ્ટે દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં અતિભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પશ્ચિમ-મધ્ય છત્તીસગઢ ઉપર સક્રિય ડીપ ડિપ્રેશન ધીમે ધીમે નબળું પડશે, પરંતુ તેની અસર હેઠળ મોન્સૂન ટ્રફ, મધ્ય ભારત ઉપરનો ઈસ્ટ-વેસ્ટ શિયર ઝોન અને દક્ષિણ ગુજરાતથી ઉત્તર કેરળ સુધીનો ઓફશોર ટ્રફ સક્રિય હોવાથી ગુજરાતમાં ભેજયુક્ત પવનોનું જોર વધશે. તેના પરિણામે આગામી ચારથી પાંચ દિવસ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વ્યાપક વરસાદી માહોલ સર્જાવાની શક્યતા છે. આવતીકાલે તા.31 જુલાઈએ વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં અતિભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને ભરૂચ જિલ્લામાં

...અનુસંધાન પાના 6 પર

**આજથી 2 ઓગસ્ટ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે સરકાર દ્વારા ઉચ્ચસ્તરીય સમીક્ષા**

## અધિકારીઓની રજા રદ, ગંભીર પરિસ્થિતિ માટે આર્મી સ્ટેન્ડબાય

**નીચાણવાળા** વિસ્તારોમાંથી જરૂર પડે તો તાત્કાલિક સ્થળાંતર, NDRF-SDRF તૈનાત રાખવા આદેશ

**ગાંધીનગર:** રાજ્યમાં 31 જુલાઈથી 2 ઓગસ્ટ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહીને પગલે રાજ્ય સરકારે સમગ્ર વહીવટી તંત્રને એલર્ટ મોડ પર મૂકી દીધું છે. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં અસરગ્રસ્ત જિલ્લાઓમાં અધિકારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવા, 24 કલાક કંટ્રોલ રૂમ કાર્યરત રાખવા, જરૂરિયાત મુજબ NDRF અને SDRFની ટીમો તૈનાત કરવા તેમજ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સમયસર સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવા સહિતના મહત્વપૂર્ણ નિર્દેશ આપવામાં આવ્યા છે. અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિની અધ્યક્ષતામાં યોજાયેલી વીડિયો કોન્ફરન્સમાં સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર, ભરૂચ, આણંદ, નર્મદા, તાપી, ડાંગ, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના કલેક્ટરો તથા વરિષ્ઠ અધિકારીઓ સાથે ભારે

...અનુસંધાન પાના 6 પર

### 1 ઓગસ્ટની આગાહી

1 ઓગસ્ટે રાજ્યમાં વરસાદની સૌથી ગંભીર સ્થિતિ રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે નર્મદા જિલ્લામાં અપવાદરૂપ અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરતાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. ઉપરાંત અમદાવાદ, આણંદ, વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ તેમજ સૌરાષ્ટ્રના ભાવનગર અને બોટાદ ઉપરાંત દમણ અને દાદરા-નગર હવેલીમાં પણ અતિભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, સુરેન્દ્રનગર, રાજકોટ અને અમરેલી જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

### 2 ઓગસ્ટનું એલર્ટ

2 ઓગસ્ટે પણ વરસાદનું જોર યથાવત રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે અમદાવાદ, આણંદ, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ફરી રેડ એલર્ટ જાહેર કર્યું છે. આ ઉપરાંત ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના મોટાભાગના વિસ્તારોમાં વ્યાપક હળવાથી મધ્યમ વરસાદ સાથે અનેક સ્થળોએ ભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જેના પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા અને નદી-નાળાઓના જળસ્તરમાં વધારો થવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.



■ પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે હરિદ્વારમાં ભગવાન શિવની પ્રતિમા લઈને જતો એક 'કાવડયાત્રી'. શ્રાવણની શરૂઆત સાથે જ વાર્ષિક કાવડ યાત્રાનો પ્રારંભ થયો છે, જ્યાં પહેલીવાર તૈનાત કરાયેલા સાયબર કમાન્ડો સહિતની કડક સુરક્ષા વચ્ચે હરિદ્વાર 4 કરોડથી વધુ શ્રદ્ધાળુઓનું સ્વાગત કરવા માટે સજ્જ બન્યું છે.

## "બમ બમ ભોલે"ના નાદ સાથે કાવડ યાત્રા શરૂ

**નવી દિલ્હી:** શ્રાવણ માસની શરૂઆત સાથે ગુરુવારથી વાર્ષિક કાવડ યાત્રાનો પ્રારંભ થયો છે. 11 ઓગસ્ટ સુધી ચાલનારી આ યાત્રામાં 4 કરોડથી વધુ શ્રદ્ધાળુઓ હરિદ્વારમાં ગંગાજીનું પવિત્ર જળ લેવા માટે પહોંચશે અને ત્યારબાદ પોતાના સ્થાનિક શિવમંદિરોમાં જલાભિષેક કરશે.

સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ અને AI-જનરેટેડ ખોટી માહિતી રોકવા માટે પહેલીવાર 'સાયબર કમાન્ડો' તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા AI સીસીટીવી અને ડ્રોન કેમેરા વડે 24 કલાક દેખરેખ રાખવામાં આવી રહી છે.

મુઝફ્ફરનગર જેવા મુખ્ય ટ્રાન્ઝિટ પોઈન્ટ પર 45 મેડિકલ કેમ્પ, 78 એમ્બ્યુલન્સ અને ભક્તો માટે હોસ્પિટલોમાં 100 બેડ અનામત રાખવામાં આવ્યા છે. દિલ્હી, યુપી અને ગુરુગ્રામમાં

...અનુસંધાન પાના 6 પર




### સોશિયલ મીડિયા ફેક ન્યૂઝ સામે સંસદીય સમિતિની ભલામણ

કોકરોચ જનતા પાર્ટી દ્વારા આયોજિત યુવા વિરોધ પ્રદર્શનો સોશિયલ મીડિયા અને કન્ટેન્ટ ક્રિએટર્સ દ્વારા સતત ચાલુ રાખવામાં આવ્યા અને તેને હવા આપવામાં આવી, તે બાબતે ભાજપના ઉચ્ચ સ્તરના વ્યૂહરચનાકારોને ચિંતામાં મૂકી દીધા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના નજીકના અને રક્ષણ ધરાવતા હોવા છતાં શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવા સુધી પહોંચેલી ઘટનાઓથી સ્તબ્ધ બનેલા નેતાઓમાં હવે ૩૧ સભ્યોની સંસદીય સમિતિના ભવિષ્ય અંગે પ્રશ્નો ઊઠી રહ્યા છે. આ સમિતિએ સોશિયલ મીડિયા કન્ટેન્ટના નામે ફેલાવવામાં આવતા 'ફેક ન્યૂઝ' સામે સખત કાર્યવાહી કરવાની ભલામણ કરી હતી. સંચાર અને માહિતી ટેક્નોલોજી અંગેની સંસદીય સ્થાયી સમિતિ (૨૦૨૪-૨૫)ની રચના ગયા વર્ષના ડિસેમ્બરમાં કરવામાં આવી હતી અને તેને આ મામલાની તપાસ કરીને ભલામણો સોંપવાની હતી. સમિતિએ 'ફેક ન્યૂઝ અને ભ્રામક માહિતીના મોટા પાયે ફેલાવા' અંગે લાલબત્તી ધરી હતી અને ઇલેક્ટ્રોનિક્સ અને

...અનુસંધાન પાના 6 પર

**વિદ્યાર્થીઓ પર બળપ્રયોગનો આદેશ અમિત શાહે જ આપ્યો હશે: અભિજીત દીપકે**

## અમિત શાહના રાજીનામાની રાહુલ ગાંધીને માગને CJPનો ટેકો

**આંદોલન** પછી ઘરે પહોંચેલા દીપકેએ વિગતવાર નિવેદન આપ્યું, પ્રહલાદ જોષીની પણ ટીકા કરી

**છત્રપતિ સંભાજીનગર, તા. 30 (PTI):** કૉકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકેએ ગુરુવારે દાવો કર્યો હતો કે ૨૦ જુલાઈની સંસદ ચલો માર્ચ દરમિયાન વિદ્યાર્થીઓ સામે બળપ્રયોગ કરવાના આદેશો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ તરફથી જ



આવ્યા હોવા જોઈએ. આ સાથે જ તેમણે દિલ્હી પોલીસની કાર્યવાહી મુદ્દે તેમના રાજીનામાની માંગ કરી હતી. પોતાના હોમટાઉન મધ્ય મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરમાં પોતાના નિવાસસ્થાને પત્રકારો સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે દેશમાં લોકશાહી "ખતરામાં" છે અને ન્યાયતંત્ર પર પણ સવાલો ઉઠી રહ્યા છે, જ્યારે રાજકીય પક્ષોને તોડવા માટે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. NEET પરીક્ષાના પેપર લીક અંગે નવી દિલ્હીના જંતર-મંતર ખાતે CJP ના નેતૃત્વમાં એક મહિનાથી વધુ સમય ચાલેલા વિરોધ પ્રદર્શન બાદ ઘરે પરત ફરીને દીપકેએ ભારપૂર્વક કહ્યું, લોકશાહી બચાવવી એ હવે માત્ર વિપક્ષનો મુદ્દો નથી રહ્યો. દેશના લોકોએ એક થવું પડશે.

...અનુસંધાન પાના 6 પર

## પેપર લીક વિરોધી ખરડો સંસદમાં પસાર

**લોકસભા** પછી રાજ્યસભાએ પણ આ ખરડાને મંજૂરી આપી

**વિપક્ષના** સભાત્યાગ પછી રાજ્યસભામાં આ ખરડો ધ્વનિ મતથી પસાર

**નવી દિલ્હી, તા. 30 (PTI):** પેપર લીક વિરોધી કાયદામાં સુધારો કરવા માટેના એક વિધેયકને ગુરુવારે સંસદે મંજૂરી આપી દીધી છે, જેમાં વધુ સખત સજાની જોગવાઈ છે. સરકારે જણાવ્યું હતું કે તે વિદ્યાર્થીઓને અસર કરતા મુખ્ય મુદ્દાઓ પર આગળ વધી રહી છે અને આ સમસ્યાનો સામનો કરવા માટે તમામ વર્ગો પાસેથી સહકાર માંગ્યો છે. જાહેર પરીક્ષા (અનુચિત નીતિઓનું નિવારણ) સુધારા વિધેયક, 2026 લોકસભામાં પસાર થયાના એક દિવસ પછી, વિપક્ષના વોકઆઉટ વચ્ચે રાજ્યસભામાં ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યું હતું.

### મોદીએ પેપર લીક અંગે વધુ એક વીડીયો મૂક્યો



**નવી દિલ્હી.** લોકસભા અને ત્યારબાદ રાજ્યસભામાં પરીક્ષા સુધારા વિધેયક પસાર થવાના અવસરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક વીડિયો સંદેશ જાહેર કર્યો. વીડિયોમાં વડાપ્રધાન મોદીએ પેપર લીક માફિયાઓને સખત સંદેશ આપતા દેશની પરીક્ષા પ્રણાલીને સંપૂર્ણપણે મજબૂત અને પારદર્શી બનાવવાના સંકલ્પ પર ભાર મૂક્યો. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા વીડિયો સંદેશમાં વડાપ્રધાન મોદીએ આ બિલ પસાર થવાને દેશ માટે એક ઐતિહાસિક ક્ષણ ગણાવી છે. તેમણે કહ્યું કે 'વિકસિત ભારત'ના સ્વપ્નને પૂર્ણ કરવા માટે દેશે મળીને આગળ વધવું પડશે અને પરીક્ષા પદ્ધતિમાં સુધારો કરવા માટે હજુ ઘણા વધુ પગલાં ભરવામાં આવશે. જાહેર કરાયેલા વીડિયોમાં

...અનુસંધાન પાના 6 પર

આ ખરડા અનુસાર, પરીક્ષાઓમાં પેપર લીક અથવા ગેરરીતિઓમાં સામેલ વ્યક્તિઓને ઓછામાં ઓછી પાંચ વર્ષ અને વધુમાં વધુ 10 વર્ષની જેલની સજા તેમજ 50 લાખ રૂપિયા સુધીનો દંડ થશે. સંગઠિત ગુનાઓ માટે, ખરડામાં ઓછામાં ઓછી સાત વર્ષની સજા અને 10 કરોડ રૂપિયા સુધીના દંડની દરખાસ્ત કરવામાં આવી છે. સુધારા બિલ તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટીતંત્રોને પ્રસ્તાવિત કાયદા હેઠળના ગુનાઓની સુનાવણી માટે કોઈપણ સેશન કોર્ટને વિશેષ ફાસ્ટ-ટ્રેક કોર્ટ તરીકે નિયુક્ત કરવાની સત્તા આપવા માંગે છે. તેમાં એવી પણ જોગવાઈ છે કે આવી અદાલતોમાં કાર્યવાહી દરોજ્જ ચલાવવામાં આવે અને ચાર્જશીટ ફાઈલ કર્યાની

...અનુસંધાન પાના 6 પર

## E20 પેટ્રોલને કારણે માઈલેજ ૨થી ૬ ટકા ઘટી શકે છે: ગડકરી

**આ ઘટાડો** વાહનની શ્રેણી અને તેના ઉત્પાદન વર્ષ પર આધાર રાખે છે: પરિવહન મંત્રીએ સંસદમાં માહિતી આપી

**આ ઈંધણના** કારણે એન્જિન ફેઇલ ગયું હોય તેવો કોઇ કિસ્સો સામે આવ્યો નથી

**નવી દિલ્હી, તા. 30 (PTI):** ૨૦ ટકા ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ(E20)ના કારણે ફ્યુઅલ ઈકોનોમીમાં ૨ થી ૬ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે, જે બાબત વાહનની શ્રેણી અને તેના ઉત્પાદનના વર્ષ પર આધાર રાખે છે તેમ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી



નિતિન ગડકરીએ ગુરુવારે સંસદમાં માહિતી આપી હતી.

જો કે, કેન્દ્રીય મંત્રીએ દલીલ કરી હતી કે ડાયનેમોમીટર પર એન્જિનની મજબૂતાઈના પરીક્ષણો અને રોડ પર વાહનના પરીક્ષણોમાં E20ના કારણે એન્જિન ફેલ ગયું હોય તેવો કોઈ કિસ્સો સામે આવ્યો નથી. લોકસભામાં એક લેખિત

...અનુસંધાન પાના 6 પર

**સીજેપી આંદોલનના આંચકાની અસર?**

## E20 પેટ્રોલ વિરોધ શેરીઓમાં ઉતરે તે પહેલાં જ મંત્રીએ યોજી બેઠક

**પેટ્રોલમાં** ઇથેનોલ ભેળવવાની નીતિના વિરોધમાં 'ટીમ ભારત' નામના સંગઠને વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું છે

**નવી દિલ્હી, તા. 30:** નવી દિલ્હીના જંતર-મંતર ખાતે થયેલા વિરોધ પ્રદર્શનોના ઘા હજુ પણ સરકારના મનમાં તાજા છે એમ લાગે છે. વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના આંદોલનને કારણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને રાજીનામું આપવાની ફરજ પડ્યા પછી, મોદી સરકાર હવે અન્ય એક વિરોધને



માર્ગો પરના જન આંદોલનમાં ફેરવાતો રોકવાનો પ્રયાસ કરતી હોય તેમ લાગે છે. આ વખતે આ વિરોધ સરકારના મહત્વાકાંક્ષી ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ(EBP) કાર્યક્રમ અંગે છે. આ વિરોધ પ્રદર્શન યોજાય તે પહેલા બુધવારે કેન્દ્રીય પેટ્રોલીયમ

...અનુસંધાન પાના 6 પર

### તા. ૩૧-૦૭-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | ૪.0 મીમી | ૧૩૭૮ મીમી |

| ઉકાઈ | સપાટી આજની | આઉટફ્લો |
| --- | --- | --- |
| | ૩૧૬.૪૪ ફૂટ | ૮00 ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | 30.૮ સે. | ૨૭.૨ સે. | ૮૩% |


